
## વડીલોને વંદન અભિનંદન




ભાનુપ્રસાદ એચ.પુરાણી
(૧૯૩૯)મો.૯૯૦૪૨૫૬૧૧૪



બાબુભાઈ અજમલભાઈ નાયી
(૧૯૬૨)મો.૯૭૧૪૫૨૫૪૫૫



નીરૂ એમ. પરમાર
(૧૯૪૭) ફોન.૨૩૨૨૮૦૮૯



કુંવરજીભાઈ પટેલ
(૧૯૪૭)મો.૯૯૨૪૮૫૦૬૧૨

## હેરિટેજ બિલ્ડીંગની ટુંક સમયમાં યાદી જાહેર થશે

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં તૈયાર કરાવેલ શહેરના જુના કોટ વિસ્તારમાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં કોટ વિસ્તાર બહાર આવેલ તમામ વિસ્તારોમાં સ્થિત હેરિટેજ મુલ્ય ધરાવતી ઈમારતો તેમજ અન્ય સ્થાપત્યના લિસ્ટીંગ અને ગ્રેડીંગની સમીક્ષા કરી ગુણવત્તા ચકાસવા નિષ્ણાંતોની કમિટીની તા. ૨૫ જૂન અને તા. ૨૬ જૂનના રોજ એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરના વકીલ અજીતસિંહ ગોહિલની સનદને કાયમ માટે રદ

## ન્યાયાધીશો, વકીલો, બીસીજી સામે આક્ષેપ ભારે પડ્યા

## અજીતસિંહને રૂપિયા એક લાખનો દંડ પણ ફટકારાયો

અમદાવાદ, તા.૩૦

જજો, વકીલો અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સામે આક્ષેપો કરતા ઉપરાંત ઉપરોક્ત લોકો સાથે એડવોકેટ્સ એક્ટ વિરૂદ્ધનું વર્તન કરતા એડવોકેટ અજીતસિંહ ગોહિલની બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની શિસ્ત સમિતિએ કાયમ માટે સનદ રદ કરી છે અને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અનિલ સી. કેલ્લા એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૪-૬-૨૦૧૦ના પત્રથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને એવી જાણ કવરામાં આવેલ કે જે તે સમયમાં ગાંધીનગર વકીલ મંડળના પ્રમુખ અજીતસિંહ ગોહિલ સામે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના ડિસ્ટ્રીક્ટ જજ આરએમ પરમાર તથા બીએન કારીયા મારફતે જુદા-જુદા જજો સમક્ષ અજીતસિંહ ગોહિલનું વર્તન એડવોકેટ્સ એક્ટ વિરૂદ્ધ છે તેમજ કાયમ જાહેરમાં ન્યાયતંત્ર સામે ઉધ્ધતાપૂર્વકનું વર્તન ડ્રેસકોડ વગર અદાલતમાં હાજર થવું. યોગ્ય રીતે રજુઆતો ન કરી. મોટેમોટેથી બૂમબરાડા પાડવા તથા પોતાના તથા પોતાના સગાસંબંધીના કેસોમાં પોતાની તરફેણમાં ચુકાદા મેળવવા માટે આવારનવાર કોર્ટમાં ધાંધલ-ધમાલ કરાવી તેમજ ધીપાબા નામની મહિલાધારાશાસ્ત્રીના કેસમાં ગાંધીનગર કોર્ટ દ્વારા જામીન નહીં મળતા સરકારી વકીલની ઓફિસમાં તોડફોડ કરવી તથા નાયાયાધીશની ચેમ્બરની અંદર ટોળું લઈ જઈ સુત્રોચ્ચાર કરવી તથા જિલ્લાની કોર્ટના ન્યાયાધીશો વિરૂદ્ધ ખોટા આક્ષેપો જાહેર કરવા તેમજ ન્યાયતંત્રની પ્રક્રિયા અટકાવવા માટે પોતાના પ્રમુખ તરીકેની સત્તાનો દુરપયોગ કરવા વિગેરે બાબતોની માહિતી સાથે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને અજીતસિંહ ગોહિલ સામે પગલાં ભરવા યોગ્ય કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અજીતસિંહએ પોતાની સામે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ચાલી રહેલ શિસ્ત સમિતિના પ્રોસીડીંગ્સ થંભાવી દેવા માટે તેમજ આ પ્રોસીડીંગ્સ આગળ ન વધે તે માટે શિસ્ત કમિટીના તેમજ અગાઉના હોદ્દેદારો વિરૂદ્ધ પણ સંખ્યાબંધ આક્ષેપો કરી અરજીઓ કરેલ છતાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની સામાન્યસભાએ અજીતસિંહ ગોહિલની તમામ આવા પ્રકારની અરજીઓ નામંજુર કરેલ અને અજીતસિંહ ગોહિલની આ તમામ ડિસીપ્લીનરી પ્રોસીડીંગ્સને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના હુકમ અને સુચનાનુસાર કાર્યવાહી પુરી કરવામાં આવેલ આ શિસ્ત કમિટીની કાર્યવાહીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી એડવોકેટ જગત ચોકસીએ ન્યાયીક પ્રક્રિયામાં હાજર રહેલા તમામ ન્યાયીક કાર્યવાહી વીડીયોગ્રાફી કરવામાં આવે તેવો હકમ કરેલો.



ઈશી સીસ્ટમ દ્વારા અમદાવાદ ખાતે એક 'જાવા મીટ' કાર્યક્રમ યોજાઈ ગયો. ગુગલ દ્વારા વારંવાર નવી ટેકનોલોજીનું સંશોધન થયા કરે છે. આધુનિક યુગમાં સ્માર્ટ ફોન વડે ઘરે બેઠા બધી સવલતો પુરી પાડી શકાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એક તારણ પ્રમાણે ગુજરાત મોબાઈલ એપ્લીકેશન યુઝર્સ તરીકે અગ્રીમ હરોળમાં છે. સાનફ્રાન્સિસ્કો સ્થિત આ કંપની તરફથી સ્માર્ટ ઘડિયાળ લોન્ચ કરવામાં આવી જેમાં ફોનમાં જે એપ્લીકેશન છે તે તમામ આ ઘડિયાળમાં છે. આ 'જાવા મીટ' કાર્યક્રમનો મુખ્ય હેતુ આવનારી પેઢીને ટેકનોલોજીની વધુ નજીક લઈ દુનિયા સાથે કદમ મિલાવવાનો છે તેવું આયોજકોનું માનવું છે. આ પ્રસંગે આઈટી તજજ્ઞ અભિજીત શ્રોફ દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

# શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાશે

## શિક્ષકો, આચાર્યોની દરખાસ્ત મંગાવવામાં આવી : નિયત નમૂનાના પત્રકોમાં તમામ માહિતી આપવા સૂચના

અમદાવાદ, તા.૩૦

રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતા પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકો તેમજ મુખ્ય શિક્ષક-આચાર્યમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરી સપ્ટેમ્બર-૨૦૧૪માં એવોર્ડ-પારિતોષિક એનાયત કરાશે. આ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના તમામ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક મુખ્ય શિક્ષકો, આચાર્યો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શ્રેષ્ઠ શિક્ષકો-આચાર્યોને સન્માનિત કરવા માટે રાજ્ય પારિતોષિત-૨૦૧૪ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જેનાં માટે શિક્ષણ વિભાગે રાજ્યની તમામ શાળાઓ પાસેથી યોગ્ય ઉમેદવારોની દરખાસ્ત મંગાવવામાં આવી છે જે અંતર્ગત રાજ્ય પારિતોષિક-૨૦૧૪ મેળવવાની ઈચ્છા ધરાવતા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો અને આચાર્યોએ નિયત નમૂનાના પત્રકોમાં તમામ માહિતી ભરીને જરૂરી આધાર પુરાવા સાથેની દરખાસ્ત બાઈન્ડીંગ કરાવી ત્રણ નકલમાં રજી. કરવાની રહેશે. આ ઉપરાંત પ્રાથમિક શાળાના શિક્ષકોએ સંબંધીત તાલુકા પંચાયતની કચેરી તેમજ આચાર્યોએ પ્રાથમિક શિક્ષણ સમિતીની કચેરીમાંથી ફોર્મ મેળવવાનું રહેશે જ્યારે દરખાસ્ત જે તે તાલુકાના કેળવણી નિરીક્ષકને રૂબરૂમાં પહોંચાડવાની રહેશે. દરખાસ્ત મળ્યા બાદ રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતા પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકો તેમજ મુખ્ય શિક્ષણ આચાર્યમાંથી શ્રેષ્ઠ શિક્ષણ તરીકે વર્ષપ્રમાણે શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરી સપ્ટેમ્બરમાં એવોર્ડ એનાયત કરાશે.



સામાજિક વનીકરણ યોજના - ગાંધીનગરમાં રોડ સાઈડ પ્લાન્ટેશન માટે વન વિભાગે વરસાદ પૂર્વે તૈયારીઓ આરંભી છે... નગરના મુખ્ય માર્ગો અને મુખ્ય માર્ગોને જોડતા આંતરિક માર્ગો પર બંને બાજુ વ્યાપક પ્રમાણમાં વૃક્ષો વાવવાનું આયોજન હાથ ધર્યું છે. સામાજીક વનીકરણ યજ્ઞ હેઠળ ગાંધીનગરમાં જ ૨૦ હજારથી વધુ વૃક્ષો વાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે... આજકાલ વનવિભાગ રોપા માટે તડામાર તૈયારીઓ કરી રહ્યું છે... નગરમાં ઠેરઠેર વન વિભાગના કર્મચારીઓ દ્વારા રોપાઓનું વાવેતર થઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## પત્રકારોને શ્રી રમણભાઈ શાહ 'સાધના' પત્રકારિતા ગૌરવ પુરસ્કાર અપાશે

અમદાવાદ, તા.૩૦

૫૮ વર્ષથી અવિરત પ્રકાશિત થતા રાષ્ટ્રીયતાનાં ઉદઘોષક વિચાર પત્ર 'સાધના' સાપ્તાહિકના સ્થાપક અને પૂર્વ પ્રમુખ ટ્રસ્ટી શ્રી રમણભાઈ શાહ દ્વારા અપાયેલ માતબર દાનમાંથી ગુજરાતી ભાષાના પત્રકારત્વ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પત્રકારને રૂપિયા ૫૧૦૦૦નો ગૌરવ પુરસ્કાર ટૂંક સમયમાં એનાયત કરવામાં આવશે.

શ્રી રમણભાઈ શાહ-'સાધના' પત્રકારિતા ગૌરવ પુરસ્કાર-નામના આ પુરસ્કારનું ફાર્મ www.sadhanaweekly.com પર તારીખ ૧ જુલાઈ ૨૦૧૪થી ઉપલબ્ધ થશે. આ ફોર્મ તારીખ ૩૦મી જુલાઈ ૨૦૧૪ સુધીમાં ભરીને મોકલવાનું રહેશે. ઉપરાંત ફોર્મ 'સાધના સાપ્તાહિક' સાંનિધ્ય બિલ્ડીંગ, આશ્રમરોડ, અમદાવાદ ખાતેથી પણ મેળવી શકાશે.

પુરસ્કાર સંલગ્ન અન્ય વિગતો, નિયમો અને શરતો સાધનાની વેબસાઈટ પર ફોર્મ સાથે ઉપલબ્ધ છે. ગુજરાતનાં ગૌરવવંતા પત્રકારોને આ સ્પર્ધામાં ભાગ લેવા 'સાધના' સાપ્તાહિક હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

**રક્તદાન મહાદાન ચક્ષુદાન શ્રેષ્ઠદાન**

# સરદાર પટેલના જીવન-કાર્ય અંગે સંશોધન માટેની સંસ્થા સૅરલિપને તોડવાનો થતો પ્રયાસ

## સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિના મનસ્વી અને એકતરફી નિર્ણયો સામે ન્યાયની અદાલતમાં ધા નાંખવાની વિચારણા

વલ્લભ વિદ્યાનગર, તા.૩૦

સરદાર પટેલ યુનિવર્સિટીની સંસ્થાપકસંસ્થા ચારુતર વિદ્યામંડળ(સીવીએમ) દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી લાખો રૂપિયાનો ખર્ચ કરીને અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન માટે ચલાવાતી સમગ્ર દેશની સર્વપ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થા 'સૅરલિપ'ને સરદાર પટેલ યુનિવર્સિટી અને એના કુલપતિ ડૉ.હરીશ પાઢ પોતાના મનસ્વી નિર્ણયોથી તોડી પાડવા પ્રયત્નશીલ હોવાનુંછેલ્લા બે વર્ષથી અનુભવાઈ રહ્યું છે. સરદાર સાહેબ ભણીના ઋણસ્વીકાર માટે ચલાવાતી સૅરલિપ જેવી સંસ્થાને તોડવાના પ્રયાસો થાય નહીં અને સરદાર પટેલના ભવ્ય યોગદાન સંદર્ભે સંશોધનથી યુવાપેઢીને વંચિત રખાય નહીં તે આજની માંગ છે.

વર્ષ ૨૦૦૮માં સમગ્ર ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓને વલ્લભ વિદ્યાનગર તેડાવીને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા શ્રી પ્રવીણ ક.લહેરીની ઉપસ્થિતિમાં સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન સંસ્થા સ્થાપવાનો સીવીએમનો વિચાર રજૂ કર્યો હતો. સિકાર્ટ ભવન ખાતે મળેલી ઉક્ત બેઠકમાં ઉપસ્થિત તમામ કુલપતિઓએ એકીઅવાજે સરદાર પટેલ અંગેની સંશોધન સંસ્થાના વિચારને આવકાર્યો હતો. છેક ૧૯૪૫માં સરદાર પટેલની પ્રેરણાથી પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે ચારુતર વિદ્યામંડળની સ્થાપના કરી હતી એટલે સરદાર સાહેબ ભણીના ઋણસ્વીકાર તરીકે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના નેજા હેઠળ 'સૅરલિપ'ની શરૂઆત ૨૦૦૮માં કરાઈ હતી.

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળે સૅરલિપના સંસ્થાપક નિયામક તરીકે મુંબઈસ્થિત ઈન્ડિયન એક્સપ્રેસ જૂથના તંત્રી તથા ગુજરાત સરકારના એનઆરજી / એનઆરઆઈ બૉર્ડના સંસ્થાપક અધ્યક્ષ રહેલા ડૉ.હરિ દેસાઈને નિમંત્રવામાં આવ્યા હતા. સૅરલિપમાં વર્ષ ૨૦૦૯-'૧૦થી સરદાર પટેલ સ્ટડીઝમાં એમ. ફિલ.નો સરદાર પટેલ યુનિવર્સિટીસંલગ્ન અભ્યાસક્રમ ચલાવાય છે. અત્યાર સુધી સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે ૫૦ કરતાં વધુ વિદ્યાર્થી સૅરલિપમાં ભણીને એમ. ફિલ. થયાં છે અને અત્યારે ૧૦ જેટલાં વિદ્યાર્થી આ સંશોધન સંસ્થામાં સરદાર પટેલને લગતા વિષયો પર પીએચ.ડી. કરી રહ્યાં છે.

સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે એમ.ફિલ. અને પીએચ.ડી.ના અભ્યાસક્રમ ઉપરાંત સૅરલિપ વિવિધ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના સૅમિનારો, વાર્તાલાપો અને ચર્ચાસત્રોનું આયોજન કરીને સરદાર પટેલ અંગેના સંશોધન કાર્યને તથ્યસભર નોખી દિશા આપવા તથા તે અંગે પ્રકાશનો કરવામાં પણ સક્રિય છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી), રાષ્ટ્રીય અભિલેખાગાર (એનએઆઈ) તેમ જ અન્ય સંશોધન સંસ્થાઓ થકી પણ સૅરલિપની પ્રવૃત્તિમાં સહયોગ કરવામાં આવી રહ્યો છે.

સરદાર પટેલ અંગે સંશોધન તથા પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિ કરતી સૅરલિપ માટે ચારુતર વિદ્યામંડળ દર વર્ષે ૩૫ લાખ રૂપિયા જેટલી રકમ ફાળવે છે. ઉપરાંત સૅરલિપ કાયમ ટકે એટલા માટે તેના ઍન્ડોવમેન્ટ ફંડમાં સીવીએમની ગવર્નિંગ બૉડી થકી સ્વભંડોળમાંથી બે કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવી છે. એકબાજુ સીવીએમ દ્વારા સરદાર પટેલ વિષયક સંશોધન અને અભ્યાસક્રમને પ્રોત્સાહન પૂરું પડાય છે ત્યાં સરદાર સાહેબના નામ સાથે જોડાયેલી અને ૧૯૫૫માં સીવીએમ દ્વારા જ સંસ્થાપિત યુનિવર્સિટી અને તેના વર્તમાન કુલપતિ ડૉ.હરીશ પાઢ સૅરલિપ જેવી યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી ગૌરવવંતી સંસ્થામાં સરદાર પટેલ અંગે અભ્યાસ અને સંશોધન પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓને વંચિત કરવાની દિશામાં મનસ્વી નિર્ણયો લઈને એને તોડવાની દિશામાં કાર્યરત હોય એવો અનુભવ થઈ રહ્યો છે.

## અંદાજપત્ર સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહત્વની જાહેરાત કરે તેવી શક્યતાઓ છે.

વિધાનસભા અંદાજપત્ર સત્રને લઈ રાજ્ય સરકારે સંરક્ષણાત્મક અભિગમ વધુ અખત્યાર કરવાનુ મન બનાવ્યુ હોય તેવુ લાગી રહ્યું છે. રેલવેમાં ભારેખમ વધારા અને વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિમાં સરકાર વિપક્ષના આક્રમણને ખાળવા આ પ્રકારની રણનીતિને જ આખરી ઓપ આપશે તેમ રાજકીય પંડિતોનું કહેવુ છે.

બીજી તરફ વિપક્ષ કોંગ્રેસ પક્ષ પણ સરકારને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરવાના મુડમાં હોય તેમ જણાતુ નથી. કોંગ્રેસ રાજ્ય સરકારને ઝડપથી અછતની સ્થિતિની ઘોષણા કરવા માટે રાજકીય દબાણ ઉભુ કરવા માંગે છે તેમજ કેન્દ્ર તરફથી સહાય કેટલી મેળવવામાં સરકાર સફળ થાય છે તેના પર તેની લડાઈ આગળ ધપાવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગુજરાતના મહત્વના પ્રશ્નો જેવા કે વીજળી, પાણી અને સરકારી કચેરીઓમાં ખાલી થતી જગ્યાઓને લીધે પ્રજાની વધતી જતી હેરાનગતિને લઈ કોંગ્રેસ સરકાર આમને-સામને આવી જશે તેમ મનાઈ રહ્યુ છે. ગુજરાતમાં નર્મદાનું કામ જે ચૂપકીદી સાથે આરંભાયુ તેને લઈ અને નર્મદા કેનાલના નેટવર્કનો મુદ્દો ઉછાળી વાતાવરણને નવો વળાંક આવે તેમ પણ વિશ્લેષકોનું માનવું છે.

કાયદો-વ્યવસ્થા તેમજ અન્ય મુદ્દાઓ પર સરકારને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરવાના મૂડમાં વિપક્ષ નથી તો બીજી તરફ લોકસભાની ચૂંટણીના પરિણામોને ઢાલ બનાવી ભાજપ વળતો હુમલો કરશે તેમજ પ્રજાભિમુખ તંત્ર માટે સરકાર દ્વારા હાથ ધરાયેલા આયોજનોને રજુ કરી સંરક્ષણાત્મક અભિગમ અપનાવશે.

રાજ્યના નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ નાણાં વિભાગના રાજ્યમંત્રી રહી ચુક્યા છે. પરંતુ પ્રથમવાર અંદાજપત્ર રજુ કરી રહ્યા છે. લોકોની નજર કેન્દ્રમાંથી વધુ કેટલી સરકાર આવક મેળવશે અને ઉભી થયેલી વિપરીત કુદરતી સ્થિતિમાં કેટલી રાહતો પ્રજાને મળશે તેમાં તેમની આકરી કસોટી થશે તેવુ વિશ્લેષકો માની રહ્યા છે.

રાજ્ય સરકાર પણ પરિસ્થિતિ પર ગંભીરતાથી આગળ વધી રહી છે. વિકાસના કામો પર વિપરીત અસર ના પડે તેને પણ ધ્યાનમાં લેવાશે તેમજ રાજ્યમાં ખેડૂતોના હિતોનું રક્ષણ થાય ઉપરાંત મોંઘવારીને નાથવા ખાસ કોર્ટોની રચના અને ફુડ સિક્યોરીટી બિલના અમલીકરણની વ્યુહરચનાને કેવી રીતે રજુ કરવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
अभय ®
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars

AD
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

## પુનઃ ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિંમતમાં વધારો ૬૩ પૈસાનો રહેશે. ગાંધીનગરમાં પેટ્રોલ અને ડીઝલના નવા ભાવ ક્રમશઃ ૭૭.૫૪ અને ૬૧.૪૧ રૂપિયા થશે. ડીઝલ અને પેટ્રોલની કિંમત જુદી જુદી રહેશે. ફયુઅલ સબસિડીને લઈને હજુ પણ ચિંતાનું મોજુ છે. એલપીજી, કેરોસીન અને ડીઝલ પર સબસિડી વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧૧૫૫૪૮ કરોડ છે જે પૈકી એલપીજીની સબસિડી ૫૦૩૨૪ કરોડ અને કેરોસીન ઉપર સબસિડી ૨૯૪૮૮ કરોડ છે. ૨૦૧૩-૧૪માં સરકારે ૭૦૭૭૨ કરોડની રોકડ સબસિડી ચુકવી હતી. અગાઉના વર્ષે સરકારે ૧૦૦૦૦૦ કરોડની ચુકવણી કરી હતી. ગયા સપ્તાહમાં જ એવી ચર્ચા હતી કે, એલપીજીની કિંમતમાં વધારો કરવામાં આવશે. લોકલ સેલટેક્સ અથવા વેટ સિવાય પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ક્રમશઃ લીટરદીઠ ૧.૬૯ અને ૫૦ પૈસાનો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૭૩.૫૮ રૂપિયા થઈ જશે તેમાં ૨.૦૨ રૂપિયાનો વધારો થશે. ડીઝલની કિંમત પણ ૫૬ પૈસા વધીને ૫૭.૮૪ થશે. ડીઝલ ઉપરાંત સ્ટેટ ઓઈલ કંપનીઓને કેરોસીન ઉપર લીટરદીઠ ૩૩.૦૭નું નુકસાન થઈ રહ્યું છે જ્યારે ડીઝલ ઉપર લીટરદીઠ ૩.૪૦નું નુકસાન થઈ રહ્યું છે. સિલિન્ડર ઉપર પણ ભારે નુકસાન છે.

બે ફ્યુઅલ ઉપર સબસિડી ૮૦૦૦૦ કરોડથી પણ વધારે છે. આ બે ફ્યુઅલમાં કેરોસીન અને રાંધણગેસનો સમાવેશ થાય છે. વારંવાર વધારો કરવામાં આવી રહ્યો હોવા છતાં નુકસાન યથાવતરીતે જારી છે. ડીઝલના રેટ અગાઉની સરકારે વધારવાની નીતિ અપનાવી હતી. દર મહિને નાનકડા ડોઝમાં ડીઝલની કિંમતમાં વધારો સબસિડીને દૂર કરવા કરાયો હતો. જાન્યુઆરી ૨૦૧૩ બાદથી ૧૭ વખત વધારો કરાયો હોવા છતાં ડીઝલ પર નુકસાન હજુ પણ ૩.૪૦ રૂપિયા છે.

## સરકારની વિચારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું કે શું કારણથી ના પાડો છો તેની વિગતો એક કાગળમાં લખી આપશો તો ચોક્કસ તેમાં તંત્ર કઈ રીતે મદદરૂપ થઈ શકે છે તે વાતને સકારાત્મક અભિગમથી લેવામાં આવશે.

આ સંમેલનને સંબોધતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને જણાવ્યું હતું કે જિલ્લાના ૧૫૬ ગામોમાં જિલ્લાની સરેરાશ કરતાં સ્ત્રી જન્મદર ઓછો નોંધાયો છે. જે આપણી સામાજિક જવાબદારી છે. આવા ગામોમાં ગાંધીનગરના ૪૪, દહેગામના ૪૫, માણસાના ૩૨ અને કલોલના ૩૫ ગામોનો સમાવેશ થાય છે.

શ્રી મેકવાને જણાવ્યું હતું કે તંત્રની સતર્કતાને કારણે વાહકજન્ય રોગચાળો મહદ્અંશે નાથી શક્યા છીએ પરંતુ ગામમાં પાણીના ખાબોચિયા થાય નહી અને વરસાદ પાણીનું જળ સંચય થાય તે દિશામાં સામુહિક પ્રયાસો કરીએ.

તેમણે જણાવ્યું હતું કે શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન મળી આવેલા હૃદયની બિમારીથી પીડાતા-૧૦૩ બાળકો, કેન્સરથી પીડાતા ૨૪ બાળકો, કિડનીના દર્દથી પીડાતા ૩૮ અને થેલેસિમિયાથી પીડાતા ૧૧ બાળકોની સારવાર શરૂ કરી દેવામાં આવી છે.

શ્રી મેકવાને રાંધેજામાં અમલી બનેલા રૂર્બન પ્રોજેક્ટને ટાંકીને જણાવ્યું હતુ કે સ્વચ્છતા માટે સૌ કટિબદ્ધ બનીએ અને સ્વસ્થ ગાંધીનગરના નિર્માણમાં પૂરક બનીએ તેવો સંકલ્પ આજે કરીએ.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલે પોતાના ઉદ્દ્ઘાટન પ્રવચનમાં કહ્યુ કે સ્વસ્થ જિલ્લો અને શ્રેષ્ઠ જિલ્લો બનાવવાની પરિકલ્પના સાથે પંચાયત આગળ વધી રહી છે. કૂપોષણને નિવારવા ૬૦ ટકા સુધીની સફળતા મેળવી છે પણ અમને સંતોષ નથી આપણે ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરવી છે.

તેમણે કહ્યું કે સરપંચો એ પંચાયતી રાજનું મસ્તક છે અને તેથી જ તેમને આજે સ્વસ્થ અને શ્રેષ્ઠ ગાંધીનગર જિલ્લાની રચના માટે ચર્ચા કરવા બોલાવ્યા છે.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રથમ એવી જિલ્લા પંચાયત છે કે જે બક્ષીપંચ પરિવારમાં ગરીબ છે તેને ત્યાં દીકરી જન્મે તે પરિવારને દીકરી માટે ૧૦૦૧ નું સુરક્ષા બોન્ડ આપશે. બેટી વધામણાંની દિશામાં આ અતિ મહત્વનું કદમ છે. પંચાયત આ રકમ સ્વભંડોળમાંથી આપવાની છે.

તેમણે જણાવ્યુ કે ૨૦ જેટલી નવી પ્રાથમિક શાળાઓને સ્માર્ટ સ્કૂલ બનાવવાનું આયોજન પણ કરાયુ છે. તેમણે કહ્યુ કે વિકાસ માત્ર વાતોમાં નહિ સકારાત્મક વિકાસની નેમ સાથે પંચાયતનું તંત્ર કદમ માંડી રહ્યુ છે.

શ્રીમતિ હીના પટેલે જણાવ્યુ હતુ કે રોગચાળાને નાથવા કરતાં તે ઉદ્ભવે જ નહિ તેવું આયોજન ગ્રામ પંચાયત કક્ષાએથી જ થાય તે જરૂરી છે. તેમણે હેલ્થ એક્શન પ્લાન બનાવવાથી સંતોષ માનવાની જરૂર નથી પણ તેના અમલીકરણ માટે કટિબદ્ધ બનીએ.

પ્રારંભમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ વાહકજન્ય રોગચાળાની જાણકારી આપી અને તેનાથી બચવાના ઉપાયો દર્શાવતુ આકર્ષક પ્રેઝન્ટેશન રજુ કરી સૌના મન મોહી લીધા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ત્રિવેદીએ આભારદર્શન કર્યુ હતુ.

## ભારે ધસારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચલણ પણ ન ભરાતા નિરાશા વ્યાપી જવા પામી હતી.

જી.પી.એસ.સી.ની પરીક્ષાના ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થતાની સાથે પરીક્ષાની તૈયારીઓનું કાઉનડાઉન શરૂ થઈ ગયું છે.

પરીક્ષાની તૈયારીઓને લઈ કોચિંગ સંસ્થાઓ અને લાયબ્રેરીમાં પણ ઉમેદવારોની ભીડ ધીમે ધીમે વધી રહી છે. ગાંધીનગરમાં ચારેય બાજુ જી.પી.એસ.સી.ની પરીક્ષાનો માહોલ સર્જાતા હાલ તો વિદ્યાર્થીઓ પરીક્ષાની તડામાર તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. જ્યારે ઘણા ચાલુ સરકારી નોકરી કરતા ઉમેદવારો પણ લાંબી-લાંબી કપાત રજાઓ મુકી તૈયારીમાં ઝંપલાવી ચુક્યા છે.